# -: કિસ્સએ ગદીરે ખુમ :-
## વલાયતે હ. અલી (અ.સ.)

અપના ઈસ્માઈલી તૈયબી અકીદા મુજબ હર નાતિકના અસાસ હોય છે, હર નબીના વસી હોય છે. નાતિક તે નબી છે અને અસાસ તે વસી છે. નાતિક યાઅની ઝાહેરી શરીઅતને સમઝાવનાર, તે નબી છે અને અસાસ યાઅની શરીઅતના બાતેની ઊમૂરને ઈમાનદારોના દિલોમાં ઊતારનાર, તે વસી છે. નબીના હર દૌરમાં તેના વસીની ઔલાદમાંથી ઈમામો કાઈમ થાય છે. આ પાક ઈમામોનો સિલસિલો ત્યાં તક જારી રહે છે જ્યાં તક અલ્લાહતઆલા બીજા નબીએ નાતિકને મબ્ઊસ નથી કરતા. આદમ નબી ના વસી હાબીલ અને શીસ થયા, નુહ નબીના સામ થયા, ઈબ્રાહીમ નબીના ઈસ્માઈલ અને ઈસ્હાક થયા, મુસા નબીના હારૂન અને યુશઅ બિન નૂન થયા, ઈસા નબીના શમ્ઊન થયા અને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના વસી હ.અલી (અ.સ.) થયા. હર નબી તન્ઝીલના સાહબ હોય છે અને હર વસી તાવીલના સાહબ હોય છે. જેમ મોહંમદ (સ.અ.વ.વ.) રસૂલોમાં આખેરી નબી છે, તેમ અલી (અ.સ.) વસીયોમાં આખેરી સાહબ છે. રસૂલુલ્લાહ બાવાજી પર દીને ઈલાહીના તમામ અહકામ એક પછી એક નાઝિલ થયા પણ આ તમામમાં ભારીમાં ભારી અને અહમમાં અહમ હુકુમ હ.અલી (અ.સ.) ની વસાયત અને વલાયતને કુબૂલ કરવાનો હતો, જે તમામ કરતા આખિરમાં નાઝિલ થયો. નીચેના ફકરામાં આ જ ઈલાહી ફરમાનને તફસીલ સાથે બયાન કરવામાં આવું છે જે દાઅવતના મુખ્તલિફ કિતાબોમાં મન્કૂલ છે.

અબુ જારૂદ, ઝિયાદ બિન અલ-મુન્ઝિરથી રિવાયત બયાન કરે છે કે, હું અબી જાઅફર મોહંમદ બિન અલી અલ-બાકિર (અ.સ.) સાથે હતો અને આપને સાથે એક જમાઅત હતી. તેમાંથી એક શખ્સે કહ્યું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના શાહઝાદા ! હસન બસરીએ આ મુજબની હદીસની શરૂઆત કીધી અને તારે પછી કાપી નાખી. હમેં એ હદીસને તમામ બયાન કરવાનું કહ્યું તો તે સચ્ચાઈ બયાન કરવામાં પશોપૈશ થાવા લાગો. ઈમામ (અ.સ.) એ પૂછ્યું કે તેએ શું હદીસ કહી ? તો અબુ જારૂદે કહ્યું કે, તે એમ કહેતો હતો કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “અલ્લાહતઆલાએ મારે પર રેસાલતનો બોઝ મૂકો કે હું લોગોને એ વાત પહોંચાવું, પણ મારી છાતી તંગ થઈ ગઈ અને હું ખૌફ કરવા લાગો કે લોગો મને ઝુટલાવે તો નહીં ! તો અલ્લાહતઆલાએ મારાથી વાઅદો લીધો કે અગર હું તે રેસાલતને લોગો તક નહીં પહોંચાવ તો અલ્લાહ મને અઝાબ કરશે.” ત્યાર બાદ હસન બસરીએ હદીસ કતાઅ કરી નાખી. હમેં એને સવાલ કીધો તો હમને કઈ બતાવું નહીં અને સચ્ચાઈથી ધાકપીછોડો કરવા લાગો. આ સાંભલી ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, આ હસનને શું થઈ ગયું? અલ્લાહતઆલા હસનને હલાક કરે ! અગર તમેં ચાહો તો હું તમને ખબર કરૂં અને હું જ તમને હકીકત કહીશ કે, અલ્લાહતઆલાએ મોહંમદ રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગો તરફ લાઈલાહા ઈલ્લલ્લાહ અને મોહંમદુર્રસૂલુલ્લાહની શહાદત લઈને મોકલા અને પહેલી રેસાલત નમાઝને કાઈમ કેવાની મોકલી. આ નમાઝના ફરઝને અદા કરવામાં લોગોએ વધઘટ કીધી, તો જીબરઈલ આપ (સ.અ.વ.વ.) પર નાઝિલ થયા અને ફરમાવું કે, ***“અય મોહંમદ ! તમે લોગોને નમાઝના અરકાન, વક્તો અને રકાતની ગિન્તીની મુકમ્મિલ તાઅલીમ આપો.”*** તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને પાઁચ વક્તોની નમાઝના હુદૂદ, અરકાન, વક્ત અને રકાતની ગિન્તીની માઅલૂમાત આપી. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) એ લોગોને પૂછ્યું, “શું નમાઝને મોતઅલ્લિક આ તમામ વઝાહત અલ્લાહના કિતાબમાં મૌજૂદ છે ?” તમામે જવાબ આપો કે, હરગીઝ નહીં !

તે બાદ અલ્લાહતઆલાએ ઝકાતના ફરઝને નાઝિલ કીધું અને હુકુમ ફરમાવો કે, દીનાર, દિરહમ, ખજૂર, અંગૂર, ખેતી અને જવાહેરાતની આ મુજબ ઝકાત આપવામાં આવે. જીબરઈલ નાઝિલ થયા અને ફરમાવું કે, ***અય રસૂલુલ્લાહ ! તમેં લોગોને તેઓની ઝકાત ની અદાયગીની ગિન્તીની તાઅલીમ આપો, જે મુજબ આપે નમાઝની સમઝ આપી.*** આપ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને હુકુમ સાદિર કીધો કે, “અય લોગો ! અલ્લાહતઆલાએ તમારે પર ઝકાત ફરઝ કીધી છે, તો ૨૦ દીનાર પર અડધો દીનાર, ૨૦૦ દિરહમ પર ૫ દિરહમ, ઊંટ, ગાય, બકરા અને ખેતીની આ મુજબ ઝકાત અદા કરો.” તે બાદ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, “અય લોગો ! શું આ તમેં અલ્લાહતઆલાની કિતાબથી જાણ્યું ?” તમામે જવાબ દીધો, હરગીઝ નહીં !

આપ (અ.સ.) એ ફરમાવું કે, તે બાદ અલ્લાહતઆલાએ રોઝાનું ફરઝ નાઝિલ કીધું. કેમકે આ પહેલા લોગો આશુરાનું જ રોઝું રાખતા હતા. જીબરઈલ (અ.સ.) નાઝિલ થયા અને કહ્યું કે, ***“અય મોહંમદ ! લોગોને રોઝા રાખવાના આદાબ શિખાવો જે મુજબ આપે નમાઝ અને ઝકાતની તાઅલીમ આપી.”*** આપ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને ફરમાવું કે, “અય લોગો ! અલ્લાહતઆલાએ તમારે પર શહરે રમઝાનના રોઝા ફરઝ કીધેલા છે, તો તમે દિવસમાં જમવા, પીવા અને બૈરોને કરીબ થવાથી પરહેઝ કરો.” આપે ઈફતાર અને સેહરીના વક્તો કહ્યા. લોગો એ મુજબ અમલ કરવા લાગા. ઈમામ (અ.સ.) એ લોગોથી દરયાફત કીધું કે, શું આ તમામ ચીઝ અલ્લાહના કિતાબમાં છે ? લોગોએ જવાબમાં કહ્યું કે, સરીહન નહીં !

ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, તે બાદ અલ્લાહતઆલાએ હજ્જનું ફરઝ નાઝિલ કીધું, કેમકે હજ્જ કઈ તરહ કરવી તે લોગો માઅરેફત રાખતા નહોતા. જીબરઈલ (અ.સ.) નાઝિલ થયા અને ફરમાવું કે, “અય મોહંમદ ! ***તમેં લોગોને હજ્જના મનાસિકની તાઅલીમ આપો જે મુજબ નમાઝ, રોઝા અને ઝકાતની તાઅલીમ આપી.”*** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તમામ લોગો ને જમાઅ કીધા અને ફરમાવું કે, “અય લોગો ! અલ્લાહતઆલા એ તમારે પર હજ્જ ફરઝ કીધી છે, તો તમેં બયતુલ્લાહનો તવાફ, સફા-મરવાની સાઅય, અરફા પર વુકૂફ, મુઝદલેફામાં રાત ગુઝારો, અલ્લાહની રાહમાં ઝબીહત અને શયતાન પર કાઁકરા મારવા, આ મુજબ અદા કરો.” યહાઁ તક કે હજ્જના બધા મનાસિક શીખાવા. ઈમામ (અ.સ.) એ લોગોને પૂછ્યું કે, અય લોગો ! શું આ બધી બયાની અલ્લાહના કિતાબમાં મૌજૂદ છે ? તમામે કહ્યું , હરગીઝ નહીં !

ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, તે બાદ અલ્લાહતઆલાએ જેહાદનું ફરઝ નાઝિલ કીધું. પણ લોગોને ખબર ન હતી કે જેહાદ કઈ તરહ કરે. જીબરઈલ (અ.સ.) નાઝિલ થયા અને ફરમાવું કે, **“અય મોહંમદ ! તમેં લોગો માં જેહાદની કૈફીયત આશકાર કરો, જે મુજબ આપે નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જના અરકાન સમઝાવા.”** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા, તે બાદ ફરમાવું કે, “અય લોગો ! અલ્લાહતઆલાએ તમારે પર તેની રાહમાં માલ અને નફસથી જેહાદ કરવી ફરઝ કીધી છે,” અને આપે જેહાદના આદાબ, કાનૂન અને શરતોની તફસીલવાર બયાની કીધી.

તે બાદ અલ્લાહતઆલાએ વલાયતના રૂકનને ફરઝ કીધો અને કુરઆને કરીમમાં ફરમાવું કે, ***“તમારો વલી અલ્લાહ અને તેના રસૂલ છે અને તે લોગો છે જે ઇમાન લાવા, તે લોગો જે કાઇમ કરે છે નમાઝને અને આપે છે ઝકાતને અને તેઓ રૂકુઅની હાલતમાં છે.” (૫-૫૫).*** આ આયતે શરીફાથી એ વાઝેહ અને સાફ થાય છે કે લોગોના વલી અલ્લાહ છે અને આપના રસૂલ છે અને અલી અમીરૂલ મુમેનીન છે, જે ઈમાન લાવવામાં સૌથી પહેલા થયા અને આપ જ તે શખ્સીયત છે જેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સાથે મક્કામાં કાફિરો અને મુશ્રિકોના ખૌફો ખતર દરમ્યાન નમાઝને કાઈમ કીધી અને આપ જ તે ઝાત છે કે, જેએ રૂકુઅની હાલતમાં શહરૂલ્લાહિલ હરામમાં સાઈલને આપની અંગુઠી મુબારકની ઝકાત આપી.

ઈસ્લામના આમ ફિરકાઓ આ આયતના ઈશારા અને બશારતને સમઝા નહી અને તફસીર કરવામાં જાણી જોઈને ગલતી કીધી અને હકીકતને છુપાવી. તેઓ એમ કહે છે કે, ઈમાનદારોમાંથી હમારા થોડા, બીજાના વલી છે. ભલા આ બે ઈમાનદારોના ગિરોહમાંથી કયા અને કેટલા લોગો બીજા કેટલા લોગોના વલી થાય અને મુમેનીનના વલી બનવાની શરતો અને ફઝીલતનું શું ? તે વક્ત જીબરઈલ (અ.સ.) નાઝિલ થયા અને ફરમાવું કે, ***“અય મોહંમદ ! તમેં તમારી રેસાલતમાં લોગોને વલાયતના રૂકનની તાઅલીમ આપો, જે મુજબ આપે લોગોને નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ અને જેહાદની તાઅલીમ આપી.”*** પછી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “અય જીબરઈલ ! મારી ઉમ્મત જાહેલીયતના ઝમાનાને સાથે ઊઠેલી છે અને મને એમ ખૌફ છે કે, આ વલાયતના પૈગામને એ લોગો ઠુકરાવી દે !” તો અલ્લાહતઆલાએ આયતે કરીમા નાઝિલ કીધી કે, **“અય રસૂલુલ્લાહ ! જે તમારે પર તમારા રબની તરફથી નાઝિલ કરવામાં આવું છે. તે તમેં લોગોને પહોંચાવી દો.”** આ બાદ “ફી અલી” યાઅની કે અલી (અ.સ.) ના વાસ્તે, આ લફઝ સૈયદના કાઝી નોઅમાન સાહબ પોતાની એક કિતાબમાં તહરીર ફરમાવે છે. પછી આયતમાં છે કે, **“અય રસૂલુલ્લાહ ! અગર આપ આ મુજબ નહીં કરો તો આપે અલ્લાહતઆલાની કોઇ રેસાલતને ન પહોંચાવી. અને અલ્લાહતઆલા તમને લોગોથી ઇસ્મત આપનાર છે.”** રસૂલુલ્લાહ બાવાજીને દિલમાં હીચકીચાહટ હતી કે, જે લોગો તરફ અલ્લાહના આ આખેરી હુકુમને પહોંચાવવાનો છે, એ લોગોના સીનામાં હ.અલી (અ.સ.) વાસ્તે હસદ અને કીનો છે.

આપ હજ્જતુલ વદાઅના મનાસિકથી ફારિગ થયા તો લોગોને દરમ્યાન આપે ખુત્બો પઢો. કેમકે દૂરો દરાઝ ઈસ્લામી ઈલાકાઓમાંથી હજ્જ વાસ્તે મુસલમાનો આવા હતા. આપે આપના ખુત્બામાં દીનની માઅલુમાત આપી, ઈસ્લામી અહકામ અને અરકાનને વાઝેહ કીધા અને ખુત્બામાં વસીયત ફરમાવી કે, “અય લોગો ! મને મારી જાનનો ખૌફ છે કે આજ પછી આ મકામ પર હું તમને ન જોવ અને તમેં મારા દીદાર ન કરો. તેથી હું તમારે દરમ્યાન એવી બે નફીસ ચીઝોને છોડી જાવ છું, કે મારે બાદ જો તમેં એ ચીઝોને બરાબર પકડી રાખશો તો હરગીઝ ગુમ્રાહ નહી થાવ. તે ચીઝો અલ્લાહના કિતાબ અને મારી ઈત્રત મારા અહલે બૈત છે. અને આ બેવે હરગીઝ જુદા નહી થાય, જહાઁ તક કે હૌઝે કૌસર પર મને આવીને નહી મીલે. આ તો આસ્માનથી તમારે તરફ હબ્લીલ્લાહિલ મમ્દૂદ છે કે જેનો એક છેડો અલ્લાહના હાથમાં છે અને બીજો છેડો અલ્લાહના વલીના હાથમાં છે. અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ જ ખુત્બામાં વલાયતની ઝિક્રને આપના અહલે બૈતને વાસ્તે જુમ્લા કલામમાં કીધી, કેમકે આપ જાણતા હતા કે, કોઈ પણ અલી (અ.સ.) નો ઈન્કાર કરનાર નથી. આપને ડર હતો કે આપના અહલે બૈત બગૈર હ. અલી (અ.સ.) પોતાની ઝાતથી મન્સબે વસાયત પર ફાઈઝ થઈ શકવાના નહોતા. જે વક્ત હજ્જે બયતુલ્લાહ અદા થઈ ગઈ અને આપ ગદીરે ખુમના મકામ પર પધારા અને “આયતે બલ્લિગ” નાઝિલ થઈ તો આપે દોબારાહ લોગોને જમાઅ કીધા અને ફરમાવું કે, “અય લોગો ! અલ્લાહતઆલાએ મને રેસાલત સાથે મોકલેલો છે, પણ એ પહોંચાવવામાં મને દિલમાં તશવીશ થઈ હતી અને અલ્લાહતઆલાએ મને તન્બીહ કીધી કે જો આ રેસાલતને તમેં નહીં પહોંચાવો તો હું તમને અઝાબ કરીશ અને રેસાલત રદ કરીશ ! તેથી અય લોગો ! આ ફરમાને હક્કતઆલા તમને હું પહોંચાવ છું. યા માઅશરન્નાસ ! શું તમેં નથી જાણતા કે અલ્લાહતઆલા મારો મૌલા છે અને બેશક હું મુસ્લેમીનનો મૌલા છું અને એ લોગોના વલી તેઓના જાનોથી બેહતર છે.” લોગોના મજમાઅમાંથી જવાબ મીલો, જી હાઁ ! યા રસૂલલ્લાહ. તે બાદ આપ (સ.અ.વ.વ.) એ અલી (અ.સ.) નો હાથ પોતાના હાથમાં લીધો, આપને ઊભા કીધા અને આપના હાથથી અલી (અ.સ.) ના હાથને બલંદ કીધો અને ફરમાવું કે, ***“આજ પછી જેનો હું મૌલા હતો, તેના અલી મૌલા છે. અને જેનો હું વલી હતો, તેના અલી વલી છે. અય પરવરદીગાર ! મોહબ્બત કરજે તું તેને, જે અલીને મોહબ્બત કરે અને દુશ્મની કરજે તું તેની, જે અલીથી દુશ્મની કરે. મદદ કરજે તું તેની, જે અલીની મદદ કરે, રૂસ્વા કરજે તું તેને જે અલીને રૂસ્વા કરે અને તું હક્કને અલી જે જગા પર ફીરે તે જગા પર ફીરાવજે.”*** તે બાદ ઈમામ મોહંમદ (અ.સ.) એ ફરમાવું કે, આ મુજબ અલી (અ.સ.) ની વલાયત હર મુસ્લિમ અને હર મુસ્લેમા પર અલ્લાહતઆલાએ ફરઝ કરી દીધી.

આ રિવાયત અને ખબર ઘણી મશ્હૂર છે કે, જેની સનદ અઈમ્મતે તાહેરીન (અ.સ.) થી મીલે છે અને અહલે ઈસ્લામના ખાસો આમ રાવી બયાન કરે છે. મશ્હૂર મોઅર્રિખ ઈબ્ને ઈસ્હાક એની તારીખની કિતાબમાં આમ લોગોના આલિમોથી રિવાયત કરે છે. આ વાકેઆ બાદ મુહાજેરીન અને અન્સારના ચંદ લોગો હ.અલી (અ.સ.) ને મૌલાના નામથી પુકારવા લાગા. આ તે મશ્હૂર અને માઅરૂફ શીઆઓ હતા કે જે લોગો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હયાતે પાકમાં અને આપના વફાત બાદ શીઅયાને અલીના નામથી ઓલખાતા હતા. એમાં ખાસ કરીને હ. સલમાનુલ ફારસી, હ. અમ્માર બિન યાસિર, હ. મિકદાદ બિન અલ-અસ્વદ, હ. જાબિર બિન અબ્દિલ્લાહ, હ. અબુઝર અલ-ગફ્ફારી, હ. અબ્દિલ્લાહ બિન અબ્બાસ, હ. અબુ અય્યૂબ અન્સારી, વગૈરા હતા. આ તે લોગો હતા જે અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયતને સવાબનો બાઈસ ગીનતા હતા અને હર વક્ત ઝિક્ર કરતા હતા કે અલ્લાહતઆલાએ તેઓને જ આ વલાયતના શરફથી ખાસ કીધા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હ.અલી (અ.સ.) ને મુમેનીનના મૌલા બનાવા તે સબબ જ શીઅયાને અલી અઝાનની નિદામાં “અલીયુવ વલીયુલ્લાહ” ના નામની શહાદત પહેલા “મૌલાના” કહે છે. ★